**Extra No. 264**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]** **TUESDAY, APRIL 7, 2026 / CHAITRA 17, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી**

**હુકમ**

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૨૬

**ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ની કલમ-૧૪૨ હેઠળ હુકમ**

**વંચાણમાં લીધું :** સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની તા. ૦૧/૦૪/૨૦૨૬ની અખબારી યાદી ક્રમાંક : ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦૨૬/૯૬૪૭ થી ૯૭૬૧

**નં.ડીસી/સ્થા.સ્વ.ચૂં.૨૦૨૬/વશી.૩૫૪૯ થી ૩૫૬૭/૨૦૨૬:** આમુખ-૧ થી રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્યની મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય / વિભાજન / મધ્યસત્રની બેઠકો તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણી યોજવા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ ગાંધીનગર જિલ્લાની ૨ નગરપાલિકા (કલોલ, દહેગામ), ગાંધીનગર જિલ્લા પંચાયત, તથા ૩ તાલુકા પંચાયત (કલોલ, માણસા, દહેગામ)ની ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૦૧/૦૪/૨૦૨૬ થી આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. સદરહું ચૂંટણીઓ હેઠળની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી અન્વયે તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાન અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ યોજનાર છે તેમજ ચૂંટણી પ્રક્રિયા તા.૩૦/૦૪/૨૦૨૬ના રોજ પૂર્ણ થનાર છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો કે જે વિસ્તારોમાં જ્યાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાનાર તે વિસ્તારોમાં મતદારોને આદર્શ લોકશાહીની પ્રતિતિ કરાવે તેવી શાંત, સ્વચ્છ અને નિષ્પક્ષ ચૂંટણી યોજાય તેવું વાતાવરણ સર્જવા, ચૂંટણી દરમ્યાન નશીલા પદાર્થોના ઉપયોગની અસર અને જાહેર જીવનને પરેશાન કરે તેવી શક્યતા નિવારવા, કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા તેમજ જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે દારૂ અને નશાયુકત પદાર્થોનું વેચાણ કે પીરસવાનું અટકાવવું જરૂરી છે.

વાસ્તે હું રવિન્દ્ર ખતાલે, આઇ.એ.એસ, જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

ગાંધીનગર જિલ્લામાં આવેલ દારૂ અને નશાયુકત પદાર્થોના વેચાણ માટેના પરવાના ધરાવનારાઓએ તા.૨૫/૦૪/૨૦૨૬ ના કલાક ૧૮/૦૦ થી તા.૨૬/૦૪/૨૦૨૫ના કલાક ૨૪/૦૦ સુધી તેમજ તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ એટલે કે મતગણતરીના દિવસે રાત્રિના કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધી નશામુકત પદાર્થોનું વેચાણ સ્થળ/દુકાન/રેસ્ટોરન્ટ/કલબ કે અન્ય કોઈપણ સ્થળ કે જયાં દારૂ અને નશાયુકત પદાર્થોનું વેચાણ થતું હોય તેવા સ્થળો બંધ રાખવા.

**:: વિસ્તાર ::**

આ હુકમ ગાંધીનગર જિલ્લાની હુકમત હેઠળ આવતા (૧) ગાંધીનગર તાલુકા (૨) કલોલ તાલુકા (૩) દહેગામ તાલુકા અને (૪) માણસા તાલુકાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી થનાર છે તે હદ વિસ્તારને લાગુ પડશે.

આ હુકમનો ભંગ ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૬૮ તથા ૯૦ ની જોગવાઈ મુજબ તેમજ લોકપ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમ-૧૯૯૬ દ્વારા દાખલ કરવામાં આવેલ લોકપ્રતિનિધિત્વ ધારા ૧૯૫૧ ની કલમ-૧૩૫(સી) મુજબ કેદ અથવા દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે.કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં, હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમને આગામી એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ પ્રસિદ્ધ કરવો તથા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે જાહેરાત કરાવવી.

આજ રોજ તારીખ ૦૧/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

**રવિન્દ્ર ખતાલે,**

જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

---



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.04.20 14:55:53 IST